# પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ, વર્તુળ કચેરી, જામનગર

| લોક દરબાર તારીખ : ૦૭.૦૪.૨૦૧૬ ગુરૂવાર | સ્થળ : મામલતદાર કચેરી, મુ.દ્વારકા | સમય : ૧૫:૩૦ કલાકે | તાલુકો : ઓખા મંડળ |
|---|---|---|---|

તા.૦૭.૦૪.૨૦૧૬ ના રોજ દ્વારકા મૂકામે સરકારશ્રી દ્વારા માનનિય મંત્રીશ્રી વસુબેન ત્રિવેદીની હાજરીમાં યોજાનારા “લોક સંવાદ સેતુ - લોક દરબાર” અંતર્ગત રજુ થયેલ પ્રશ્ન/રજુઆતની વિગતો:

(પ્રગતિ અહેવાલ તા.૧૬.૦૪.૨૦૧૬)

| ક્રમ | પ્રશ્ન નંબર | અરજદારશ્રી નું નામ | પ્રશ્નની ટુંકી વિગત | અમલીકરણ અધિકારી / ખાતાના વડાશ્રીનો પ્રશ્ન નિકાલ અંગેનો જવાબ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૧૧ | રામસીંગ નંઢાભા નાયાણી – મકનપુર | ખેતીવાડી વિજ કનેકશનમાં આઠ ક્લાક લાઇટ પૂર્ણ સમય ન ર હેતી હોવા બાબત તથા સીંગલ ફેઈઝમાં ઓછા વૉલ્ટેજ મળવા બાબત | ખેતીવાડી વીજ ફીડરોમાં ૦૮:૦૦ કલાક થ્રી ફેઈઝ વીજ પુરવઠો પૂર્ણ સમય માટે આપવાની જોગવાઈ છે. તેમ છતાં અનિવાર્ય સંજોગોમાં જો વીજ પુરવઠો ઓછો આપવામાં આવે તો તેના વળતરના ભાગ રૂપે તેજ દિવસે બાકી રહેલો વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. વધુમાં સીંગલ ફેઇઝના લો-વોલ્ટેજની રજુઆતના અનુસંધાને અરજદારશ્રીને સાથે રાખીને તા.૦૫/૦૪/૨૦૧૬ ના રોજ વૉલ્ટેજ સદર સ્થળ પર મકનપુર ગામે માપતા સિંગલ ફેઇઝમાં ૨૨૦ વૉલ્ટ મળેલ છે. જે સમપ્રમાણમાં છે. | નિકાલ |
| ૦૨ | ૧૨ | રામસીંગ નંઢાભા નાયાણી – મકનપુર | ખેતીવાડી વિસ્તાર માં વિજલાઇન જર્જરીત વાયર બદલવા બાબત | વરવાળા ખેતીવાડી ફીડરમાં સમારકામ માટે કુલ ૯ કીલોમીટર વિજવાયર બદલાવવાનો થતો હતો જેનું સંપૂર્ણ કામ તા.૨૬-૦૪-.૨૦૧૬ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. | નિકાલ |
| ૦૩ | ૧૯ | ભૂપતાણી ધર્મેન્દ્ર હસમુખલાલ, ટીવીસ્ટેશન, મુ.દ્વારકા | દ્વારકામાં વારંવાર વિજવિક્ષેપ અંગે | અત્રેની કચેરી દ્વારા વધુ સમય માટે આવશ્યક સમારકામની કામગીરી કરવામાં આવે ત્યારે સ્થાનિક નગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સરકારી ઓફીસો તથા જાહેર જગ્યાએ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે અને | નિકાલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | સંજોગોવસાત વિજ કામગીરી માટે મર્યાદિત સમય પુરતો વિજપુરવઠો બંધ કરવામાં આવતો હોય છે. લોકોને વધુ સાતત્યપુર્વક વિજ પુરવઠો મળી રહે તે માટેના તમામ પ્રયત્નો કરવામાં આવે છે. | |
| ૦૪ | ૨૯ | વિજયભાઇ એમ. ભાયાણી મુ. હાઇવે રોડ , સૂરજકરાડી | સરકાર દ્વારા કુટીર અને ઝૂપડપટ્ટીમાં લાઇટ કનેકશન આપવાનું પરિપત્ર બહાર પાડેલ છે તો તેમની પાસે વેરા પહોચ કે કાઇ ન હોઈ તો ક્યાં ડોક્યુમેન્ટ્સનાં આધારે કનેક્શન લઈ શકાય. | ઝુપડપટ્ટી સ્કીમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં તેમના ધારાધોરણ મુજબ તાલુકા પંચાયત દ્વારા આપવામા આવતી ભલામણના આધારે તથા શહેરી વિસ્તારમાં નગરપાલિકા/મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતી ભલામણના આધારે ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેણાંકના હેતુ માટે સરકારશ્રીની ગ્રાન્ટમાંથી વીજ કનેકશન આપવામાં આવે છે. | નિકાલ |
| ૦૫ | ૪૭ | મંજુબેન રવજીભાઇ શ્રીમાળી, મુ.દ્વારકા | દ્વારકાના મોમાઇનગરમાં ઘરવપરાશના વિજજોડાણ માટે ઉભા કરેલ વિજપોલમાં એબીસી કેબલ નાખવા બાબત | સદર રજુઆત અનુસંધાને સ્થળ તપાસ કરતાં નવા ઉભા કરેલા વિજપોલમાં એબીસી કેબલ નાખવાની કામગીરી તા.૦૮.૦૪.૨૦૧૬ ના રોજ પુર્ણ કરેલ છે. | નિકાલ |